(૧) વાદીની દાવા તથા મનાઈઅરજીની ટુંકમાં હકીકત એવી છે કે,વાદી કોડીનાર તથા ઊના તાલુકાના ખેડુત ખાતેદાર છે તેમજ તેઓ મુળ કોડીનાર તાલુકાના દેવલપુર ગામના રહેવાસી છે.પ્રતિવાદીઓ ગુજરનાર સાકર લખમણના વારસ પુત્ર ગુજરનાર મનજી સાકરના વારસદારો છે.પ્રતિવાદી નં.૧ તેમના વિધવા પત્નિ છે તેમજ પ્રતિવાદી નં.૨ થી ૭ ના તેમના પુત્ર તથા પુત્રીઓ છે.

(૨) ગુજરનાર સાકર લખમણ વાંસોજ ગામના ખાતેદાર ખેડુત હતા.વાંસોજ ગામની સીમની ખેતીની જમીન રે.સ.નં.૨૮૨ પૈકી હે.૦૬-૪૭-૫૦ (એ.૧૬-૦૦ ગુંઠા) તથા રે.સ.નં.૨૮૨ પૈકી ૨ હે.૦૬-૪૭-૫૦ (એ.૧૬-૦૦ ગુંઠા) મળી કુલ હેકટર ૧૨-૯૫-૦૦ (એકર ૩૨-૦૦ ગુંઠા) ધરાવતા હતા.સદર જમીન ઉત્તરોત્તર વારસ દરજ્જે પ્રથમ ગુજરનાર મનજી સાકરને પ્રપ્ત થયેલી અને તેમના અવસાન બાદ પ્રતિવાદીઓને વારસ દરજ્જે પ્રાપ્ત થયેલ છે.જે વારસાઇથી નામો દાખલ કરાવવા તેમણે કાર્યવાહી કરેલ છે પરંતુ તેમના નામો દાખલ થયેલ નથી.જે જમીન ખાતા નં.૧૦૦ થી મનજીભાઇ ના નામે ચાલે છે.સદર જમીન ની વચ્ચેથી ગાડાવાટ પસાર થાય છે.તેના કારણે આ જમીન પુર્વ-પશ્ચિમ એમ બે ભાગમાં વહેંચાઇ ગઇ છે.જેથી જમીનના બે ભાગ પડી ગયેલ છે.આ જમીન જે તે સમયે સાકરભાઇ લખમણભાઇએ રીટાયર્ડ આર્મી અધિકારીઓ પાસેથી ખરીદ કરેલ હતી.જે જમીન સ.નં. ૨૮૨ પૈકી પશ્ચિમ તરફની એકર ૨૨-૦૦ ગુંઠા જમીન હાલના કામે દાવાવાળી જમીન છે.

(૩) સદર જમીન પૈકી પશ્ચિમ તરફની એકર ૨૨-૦૦ ગુંઠા જમીન વાદીઓએ ગુજરનાર સાકર લખમણની હયાતીમાં વેચાણ રાખવાનો તેમની સાથે સોદો કર્યો હતો.પરંતુ સદર જમીન નવી શરતની હોવાથી વેચાણ વ્યવહાર કરવા માટેની સરકારની પરવાનગી લેવી પડે તેમ હોય જેથી દસ્તાવેજ થઇ શકેલ ન હતો માટે વેચાણ દસ્તાવેજ સરકારશ્રીની પરવનગી લીધા બાદ કરવાનું નકકી થયેલ જેથી સોદા મુજબની સુથીની રકમ

ચુકવવામાં આવેલી તેમજ વેચાણની પરવાનગી મેળવવાની તજવીજ હાથ ધરેલ. દરમ્યાનમાં ગુજરનાર સાકર લખમણને નાણાંની જરુરીયાત ઉભી થતાં વાદીઓએ તેમની માંગણી મુજબ સુથી ઉપરાંતની અવેજ પૈકીની સુથી પેટે વધુ રકમ ચુકવતા હતા અને તે માટે અલગથી રકમ મલ્યાની પાવતીઓ વાદીઓ જોગ લખી આપવામાં આવેલ છે.દરમ્યાન સાકર લખમણનું અવસાન થઇ ગયેલ ત્યારે તેમના પુત્ર મનજી સાકરને રુબરુમાં મળી સોદા મુજબ દસ્તાવેજની કાર્યવાહી કરવાની હોઇ રે.સ.નં.૨૮૨ પૈકી પશ્ચિમની એકર ૨૨-૦૦ ગુંઠા જમીનની પરવાનગી મેળવવા જણાવેલ ત્યારે તેમણે ટાળેલ અને વિવાદ ઉભો કરતા તેમની સાથે નવેસર થી સોદો કરી જમીનનો ભાવ રૂ૰૧૧,૫૫,૦૦૦-૦૦ નકકી કરી સુથીની રકમ પેટે તેમને રૂ૰૭,૨૦,૦૦૦ ચુકવી આપેલા. તેમજ નવો કરાર તા.૨૦-૧૨-૨૦૦૧ ના રોજ કરેલ તેમજ આ વેચાણ વ્યવહાર પછી વાદી દાવાવાળી જમીનના કબજામાં છે.જે જમીનમાં વાદીએ તેમના માણસોને રહેવા માટે મકાનો,માલઢોરના ઢાળીયા તથા કુવો પણ બનાવેલ છે.તેમજ વાદીએ તે જમીનમાં જુવારનો પાક પણ કરેલ છે.કરાર મુજબ દાવાવાળી જમીનની પરવાનગી મેળવવાની કાર્યવાહી મનજીભાઇએ ચાલુ કરેલ પરંતુ કોઇની ચડામણીથી તેમણે કાર્યવાહી બંધ કરેલ ત્યારબાદ તેમને સમજાવતાં તેમણે ફરી કાર્યવાહી ચાલુ કરેલ પરંતુ કાર્યવાહી દરમિયાન તેમનું અવસાન થયેલ.પ્રતિવાદી નં.૧ આ વ્યવહારથી જાણકાર છે જેથી તેઓ દસ્તાવેજ કરી આપવા બંધાયેલા છે.વાદીએ પ્રતિવાદી નં.૧ ને દસ્તાવેજ કરી આપવા જણાવતા તેમણે તેમના પતિનું મૃત્યુ થયેલ હોઇ વિધિ પતી ગયા બાદ દસ્તાવેજ કરી આપવા જણાવતા વાદીએ વધુ આગ્રહ કરેલ નહી.ત્યારબાદ વાદી નં.૪ તથા વાદીના કુટુંબી ભાણાભાઇ નારણભાઇ રામુ પ્રતિવાદી નં.૧ ને દસ્તાવેજ કરી આપવાનું કહેવા ગયેલ હોઇ તેઓ ઉશ્કેરાઇ ગયેલા.જેથી વાદી નં.૪ તથા ભાણાભાઇ પરત આવી ગયેલા.જે અંગે પ્રતિવાદી નં.૧ નાએ તેમના વિરુધ્ધ તા .૨૫-૦૫-૨૦૧૫ ના રોજ નવાબંદર મરીન પો.સ્ટે.માં ખોટી ફરીયાદ આપેલ.જેથી પ્રતિવાદીની બદદાનત જાહેર થતાં વાદીએ હાલનો દાવો તથા મનાઇઅરજી દાખલ કરેલ છે.

(૪) પ્રતિવાદીઓને દાવાના સમન્સ તથા નોટીસની ધોરણસરની બજવણી થયેલ છે.પ્રતિવાદી નં.૨,૬ ના હાજર નહી થતાં તેમની સામે દાવો એકતર્ફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે બાકીના પ્રતિવાદીઓએ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઇ દાવા તથા મનાઇઅરજી નો જવાબ આંક-૧૦ થી રજુ કરેલ છે.જેમાં વાદીના દાવા તથા મનાઇઅરજી ની હકીકતનો ઇન્કાર કરી જણાવેલ છે કે,દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામ વારસાઇ હકકથી દાખલ થઇ ગયેલ છે.દાવાવાળી મિલકતમાં માલઢોરના ઢાળીયા,મકાનો તથા કુવો વિગેરે સાકર લખમણના વખતથી છે તેમજ તેનો ઉપયોગ પ્રતિવાદીઓ કરતા આવેલા છે.તેમાં વાદીઓનો કબજો ભોગવટો નથી.વાદીઓ દાવાવાળી મિલકતના કબજા ભોગવટામાં નથી તેમજ દાવાવાળી જમીન તેઓ પ્રતિવાદી પાસેથી પચાવી પાડવા માંગતા હોઇ ખોટો દાવો તથા મનાઇઅરજી કરેલ હોઇ તેમની મનાઇઅરજી રદ થવા પાત્ર છે.

(૬) વાદીએ પ્રતિવાદીના જવાબ સામે પોતાનું રીજોઇન્ડર એફીડેવીટ આંક-૨૨ થી રજુ કરેલ છે.જેમાં તેમણે પ્રતિવાદીના જવાબની હકીકતોનો ઇન્કાર કરી તેમના દાવાની હકીકતને વળગી રહેલ છે.તેમજ જણાવેલ છે કે દાવાવાળી જમીન પૈકી ૧૦ એકર જમીન પ્રતિવાદીઓ પાસે છે પરંતુ મકાન,માલઢોર બાંધવાના ઢાળીયા તથા કુવો વાદીના કબજામાં આવેલ જમીનમાં છે.

(૭) પ્રતિવાદી તરફે આંક-૧૭ થી વાવેતર કરેલ પાક લેવાની મંજુરી લેવા તથા મનાઇહુકમ મેળવવા અરજી આપેલ છે.જે અરજી મુજબ પ્રતિવાદીએ જણાવેલ છે કે, દાવાવાળી જમીન ઉપર વાદીઓનો કબજો નથી.પ્રતિવાદી દાવાવાળી જમીનમાં વાવેતર કરી ઉપજ નીપજ લે છે.હાલમાં પ્રતિવાદીએ આ જમીનમાં બાજરો,જુવાર,શાકભાજી તથા કપાસનું વાવેતર કરેલ છે.જે પાક ઉતારવાની જરુરીયાત ઉપસ્થિત થયેલ છે.જેથી વાદીઓ

તેમને કબજામાં હરકત કરે કરાવે નહી તેમજ પાક લેતાં અટકાયત કરે કરાવે નહી તે મતલબના મનાઇહુકમની દાદ માંગેલ છે.

વાદીએ આ અરજીનો જવાબ આંક-૨૦ થી રજુ કરેલ છે.જેમાં તેમણે પ્રતિવાદીની અરજીની હકીકતનો ઇન્કાર કરી જણાવેલ છે કે,દાવાવાળી જમીન વાદીઓના કબજા ભોગવટામાં છે તેમજ પ્રતિવાદીએ તેમના ભાગમાં જે વાવેતર કરેલ છે તેની સાથે વાદીને કાંઇ લેવા દેવા નથી.હાલની અરજીની આડમાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વાદીના કબજામાં હસ્તક્ષેપ કરવાનો આશય ધરાવે છે.પ્રતિવાદીઓએ કાઉન્ટર કલેમ કરેલ નથી જેથી હાલની અરજી આપવા પ્રતિવાદીને કોઇ અધિકાર નથી.પ્રતિવાદી હાલની અરજીની આડમાં વાદીની જમીનમાં કબજો મેળવવા માંગે છે.જેથી પ્રતિવાદીની અરજી નામંજુર કરવી જોઇએ.

(૭) વાદી તથા પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા</u>**

નિ.૪-૧ વાંસોજ ગામના ખાતા નં.૧૦૦ ના ૮-અના ઉતારાની નકલ

નિ.૪-૨ સ.નં.૨૮૨ પૈકી ૧ ગામના ન.નં.૭ ની નકલ

નિ.૪-3 સ.નં.૨૮૨ પૈકી ૨ ના ગામના ન.નં.૭ ની નકલ

નિ.૪-૪ સ.નં.૨૮૨ પૈકી ૧ ના ગામનો ન.નં.૧૨ ની નકલ

નિ.૪-૫ સ.નં.૨૮૨ પૈકી ૨ ના ગામનો ન.નં.૧૨ ની નકલ

નિ.૪-૬ નોંધ નં.૩૧૬૨ ની નકલ

નિ.૪-૭ દાવાવાળી જમીન અંગે થયેલ વેચાણ કરાર

નિ.૪-૮ હેતુફેરની અરજી દફતરે કરવાના હુકમની નકલ

નિ.૪-૯ પ્રતિવાદીની વારસાઇ કરવાની અરજીની નકલ

નિ.૪-૧૦ પ્રતિવાદીઓના પેઢીનામાની નકલ

નિ.૪-૧૧ પ્રતિવાદીના વારસાઇ અંગેના સોગંદનામાની નકલ

નિ.૪-૧૨ પ્રતિવાદીએ પો.સ્ટેશનમાં આપેલ અરજીની નકલ

નિ.૪-૧૩ પ્રતિવાદી ભાનુબેનએ પોલિસ સમક્ષ આપેલ જવાબની નકલ

નિ.૪-૧૪ વાદીએ પ્રતિવાદિને આપેલ નોટીસની નકલ

નિ.૪-૧૫ પોસ્ટની પાવતી

નિ.૪-૧૬ પોસ્ટની એકનોલેજમેન્ટ સ્લીપ

નિ.૪-૧૭ વાદીએ કુવો ગાળવા માટે કરેલ કરારની નકલ

નિ.૪-૧૮ દાવાવાળી જમીનના ફોટોગ્રાફ

નિ.૧૯-૧ ટ્રેકટર નં.જીજે-૩ ડીડી ૭૪૩૩ ના આર.સી.બુકની નકલ

નિ.૧૯-૨ ગોવિંદભાઇ ભીમભાઇનું સોગંદનામું

નિ.૧૯-૩ જાદવભાઇ રામભાઇ વાળાનું સોગંદનામું

નિ.૧૯-૪ ધનજીભાઇ નારણભાઇનું સોગંદનામું

નિ.૧૯-૫ મુળુભાઇ ભીખાભાઇનું સોગમદનામું

નિ.૧૯-૬ રામભાઇ અરજણભાઇ વાળાનું સોગંદનામું

નિ.૧૯-૭ અરજણભાઇ વિરાભાઇનું સોગંદનામું

નિ.૧૯-૮ ભાણાભાઇ નારણભાઇનું સોગંદનામું

નિ.૧૯-૯ મનુભાઇ રામભાઇનું સોગંદનામું

નિ.૧૯-૧૦ સોલંકી મનુભાઇ રામજીભાઇનું સોગંદનામું

નિ.૨૧-૧ રામુ ધીરુભાઇ ભગવાનભાઇનું સોગંદનામું

નિ.૨૧-૨ બટુકગીરી શીવગીરીનું સોગંદનામું

**<u>પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા</u>**

આંક-૧૨ જીવનભાઇ દાનાભાઇ સોલંકીનું સોગંદનામું

આંક-૧૩ ભાણાભાઇ બચુભાઇ સોલંકીનું સોગંદનામું

આંક-૧૪ દેવાતભાઇ કરશનભાઈનું સોગંદનામું

નિ.૧૫-૧ મોજે વાંસોજના ખાતા નં.૧૦૦ ના ૮-અના ઉતારાની નકલ

નિ.૧૫-૨ સ.નં.૨૮૨ પૈકી ૧ ના ગામના ન.નં.૧૨ ની નકલ

નિ.૧૫-૩ સ.નં.૨૮૨ પૈકી ૨ ના ગામના ન.નં.૧૨ ની નકલ

નિ.૧૫-૪ નોંધ નં.૩૨૫૬ ની નકલ

નિ.૧૫-૫ પ્રતિવાદીએ વાદીની નોટીસનો જવાબ આપેલ તેની નકલ

નિ.૧૫-૬ દાવાવાળી જમીનના ફોટોગ્રાફ

હાલના કામે દાવાવાળી જમીનનું કોર્ટ કમિશ્નર દ્વારા પંચનામું થયેલ છે જે રીપોર્ટ ની.૧૬-૧ થી રજુ થયેલ છે.

(૮) હાલની મનાઇઅરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે,તેમનો પ્રથમદર્શનિય કેસ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે,સગવડ-અગવડનું ધોરણ તેમના લાભમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે,જો તેમને માંગ્યા મુજબ મનાઇહુકમની દાદ ન આપવામાં આવે તો તેમને નાણાંથી ભરપાઇ ન થાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું પ્રતિવાદી તેમની આંક-૧૭ ની અરજી મુજબ દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓનો કારણો સહીત જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) નકારમાં

(૫) આખરી હુકમ મુજબ

(૯)**કારણો મુદ્દા નં.૧ થી ૪**

મુદ્દા નં.૧ થી ૪ એકબીજાની સાથે સંકળાયેલ હોઇ પુનરાવર્તન ટાળવાના હેતુસર મુદ્દા નં.૧ થી ૪ ની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.વાદી તથા પ્રતિવાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

વાદીના દાવાઅરજીમાં કથન જોવામાં આવે તો તેમના કહેવા મુજબ દાવાવાળી જમીનો અંગે તેમણે પ્રતિવાદીઓના વડવા સાકરભાઇ સાથે વેચાણ કરાર કરેલ ત્યારબાદ તેઓ ગુજરી જતાં મનજીભાઇ સાથે કરાર કરેલ છે તેમજ તે કરાર મુજબ દાવાવાળી જમીનો વાદીઓના કબજામાં છે.જયારે પ્રતિવાદીઓએ પોતાના જવાબમાં જણાવેલ છે કે વાદીઓ દાવાવાળી જમીન પચાવી પાડવા માંગતા હોઇ ખોટો દાવો કરેલ છે તેમ જણાવેલ છે.વાદી તરફે જે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે તે જોવામાં આવે તો,નિ.૪-૧ થી વાંસોજ ગામના ખાતા નં.૧૦૦ ના ગામનો ન.નં.૮-અ ના ઉતારાની નકલ છે જેમાં સ.નં.૨૮૨ પૈકી ૧ તથા ૨૮૨ પૈકી ૨ ના ખાતેદાર તરીકે મનજીભાઇનું નામ જણાવેલ છે.નિ.૪-૨ થી ૪-૫ સુધી ઉપરોકત બંન્ને જમીનોના ગામનો ન.નં.૭ તથા ૧૨ ની નકલો રજુ કરેલ છે જેમાં માલીક કબજેદાર તરીકે મનજીભાઇનું નામ દર્શાવેલ છે.નિ.૪-૬ થી નોંધ નં.૩૧૬૨ તા.૨૧-૧૧-૨૦૧૪ ની રજુ થયેલ છે જે મુજબ દાવાવાળી જમીનો નવી શરતમાંથી જુનીશરતમાં ફેરવવાની નોંધ છે.

નિ.૪-૭ થી વાદી તથા મનજીભાઇ વચ્ચે થયેલ કરાર રજુ થયેલ છે.જે કરાર તા.૨૦-૧૨-૨૦૦૧ ના રોજ થયેલ છે તેમજ નોંધાયેલ નથી.આ કરારમાં વાદીઓ તથા મનજીભાઇની સહી કરવામાં આવેલ છે તેમજ કરાર તૈયાર કરનાર વકીલશ્રી ડી.જે. પોપટની સહી છે.આ કરાર વંચાણે લેવામાં આવે તો તેમાં મનજીભાઇ સ.નં.૨૮૨ પૈકી ૩૨

એકર જમીન ધરાવે છે તેમજ તેમાંથી પશ્ચિમ દીશા તરફની ૨૨-૦૦ એકર જમીન વાદીઓને રૂ૦૧૧,૫૫,૦૦૦ માં વેચાણ આપવાનું નકકી કરેલ છે જેમાં અગાઉ કરવામાં આવેલ તા. ૦૨-૦૯-૨૦૦૦ ના રોજના કરારનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે.જે વેચાણ અવેજ પેટે રૂ૦૭,૨૦,૦૦૦ ચુકવવામાં આવેલ છે અને બાકીનો અવેજ શરતફેર થાય ત્યારે તેમજ દસ્તાવેજ થાય ત્યારે ચુકવવાનું નકકી થયેલ છે.આ કરાર મુજબ દાવાવાળી જમીનનો કબજો વાદીઓને સુપરત કરેલ છે.નિ.૪-૮ થી કલેકટર શ્રીનો પત્ર છે જેમાં મનજીભાઇએ જમીન જુનીશરતમાં ફેરવવા કરેલ કાર્યવાહી પ્રિમિયમ નહી ભરવાને કારણે બંધ કરેલ હોવાનું જણાવેલ છે.જે અરજી તા.૧૬-૦૯-૦૨ ના રોજની હતી.જેથી આ કરાર થયા બાદ મનજીભાઇએ શરતફેર કરવાની કાર્યવાહી શરુ કરેલ તે બાબત કરારને સમર્થન આપે છે.

નિ.૪-૧૨ થી પ્રતિવાદી નં.૧ નાએ વાદી નં.૪ વિરુધ્ધ આપેલ ફરીયાદની નકલ તથા નિ.૪-૧૩ થી તેમનો પોલીસ સમક્ષના જવાબની નકલ છે.જેમાં તેમણે વાદીઓ તેમની જમીનમાં ખેતીકામ કરવા આવતા હતા પરંતુ તેમને કામે આવવાની ના પાડતાં તકરાર થયેલ હોવાનું જણાવેલ છે.જયારે આ બાબતનો ઉલ્લેખ પ્રતિવાદીએ નિ. ૧૫-૫ થી નોટીસનો જવાબ આપેલ છે તેમાં પણ કરેલ નથી તેમજ તેમના જવાબમાં પણ જણાવેલ નથી.પરંતુ પોલિસ સમક્ષના નિવેદનમાં વાદીઓ જમીનમાં કામ કરતા હતા તેમ જણાવેલ છે જે બાબતથી વાદી દાવાવાળી જમીન ખેડતા હોવાના વાદીના કથનને સમર્થન મળે છે.

વાદીએ તેઓ દાવાવાળી જમીનના કબજામાં છે તેમ દર્શાવવા માટે જે પુરાવા રજુ કરેલ છે તે જોવામાં આવે તો નિ.૪-૧૭ થી દાવાવાળી જમીનમાં કુવો બનાવવા નો તેમણે કરેલ કરારની નકલ રજુ કરેલ છે.જે કરાર અરજણભાઇ ચીનાભાઇ તથા અરજણભાઇ વિરાભાઇ સાથે તા.૧૩-૧૨-૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ છે તેમજ તે મુજબ દાવાવાળી જમીનમાં કુવો બનાવવાનું નકકી કરવામાં આવેલ છે.જે અંગે નિ.૧૯-૭ થી અરજણભાઇ વિરાભાઇએ સોગંદનામું પણ રજુ કરેલ છે.નિ.૪-૧૮ થી દાવાવાળી

જમીનમાં ટ્રેકટર સાથેનો તેમનો ફોટોગ્રાફ રજુ કરેલ છે જેની આર.સી.બુકની નકલ નિ.૧૯-૧ થી રજુ કરેલ છે જે ટ્રેકટર ભિખાભાઇ દેવાભાઇના નામે ચાલે છે.તેમજ નિ.૧૯-૨ થી ગોવિંદભાઇ ભીમાભાઇ જાખોત્રાનું સોગંદનામું રજુ કરેલ છે.જેમાં તેમણે જણાવેલ છે કે તેમની પાસે ૨૨૧૯ નંબરનું ટ્રેકટર છે જે ટ્રેકટર તેમણે ગયા વર્ષે વાદીને જુવારનું તેમની વાંસોજની જમીનમાં વાવેતર કરવા માટે આપેલ.નિ.૧૯-૩ થી જાદવભાઇ રામભાઇ વાળાનું સોગંદનામું છે.તેઓ જણાવે છે કે વાદી તથા પ્રતિવાદીના પિતા વચ્ચે થયેલ કરારમાં તેમણે તથા તેમના પિતાએ સાક્ષી તરીકે સહી કરેલ છે તેમજ જે તે વખતે દાવાવાળી જમીનનો કબજો વાદીઓને સુપરત કરવામાં આવેલ હતો.નિ.૧૯-૬ થી તેમના પિતા રામભાઇ અરજણભાઇએ પણ સોગંદનામું કરેલ છે.નિ.૧૯-૪ થી ધનજીભાઇ નારણભાઇનું સોગંદનામું છે તેમજ તેમણે જણાવેલ છે કે દાવાવાળી જમીન વાદીઓના કબજામાં છે તેમજ તેમાં માલઢોર બાંધવાના ઢાળીયા તથા મકાન બનાવવાનું ચણતરકામ તેમની મારફત ૨૦૦૩ ના વર્ષમાં થયેલ જે ૧૨ માસ સુધી ચાલેલ.નિ.૧૯-૫ થી મુળુભાઇ ભીખાભાઇ કે જેમની જમીન દાવાવાળી જમીનની ઉત્તરે આવેલ છે તેમજ નિ.૧૯-૮ થી ભીમાભાઇ નારણભાઇ કે જે વાંસોજના ખેડુત ખાતેદાર છે તેમણે તથા નિ.૧૯-૯ થી રામુભાઇ મનુભાઇએ કે જેમની જમીન દાવાવાળી જમીનની ઉત્તરે આવેલ છે તેમજ નિ.૧૯-૧૦ થી મનુભાઇ નાનજીભાઇ કે જે વાદીના સગા છે તેમણે વાદીના સમર્થનમાં સોગંદનામું રજુ કરેલ છે.

ઉપરોકત વાદીએ રજુ કરેલ પુરાવા સામે પ્રતિવાદી તરફે જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે જોવામાં આવે તો,નિ.૧૫-૬ થી પ્રતિવાદી નં.૧ના તેમના ખેતરમાં કામ કરતા હોવાના ફોટોગ્રાફ રજુ કરેલ છે.તેમજ નિ.૧૫-૧ થી ૧૫-૩ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડની નકલ રજુ કરેલ છે જેમાં મનજીભાઇનું નામ ચાલે છે તેમજ નિ.૧૫-૪ થી નોંધ નં.૩૨૫૬ રજુ થયેલ છે જેમાં પ્રતિવાદીઓની વારસાઇનોંધ છે જે કાચી નોંધ છે.

નિ.૧૬-૧ થી દાવાવાળી જમીનનું કોર્ટ કમિશ્નર દ્વારા કરવામાં આવેલ

પંચનામું છે.જેમાં દાવાવાળી જમીનમાં મકાનો તથા કુવો આવેલાનું નોંધેલ છે તેમજ જુવારનો પાક કરેલાનું નોંધેલ છે.જે ઉપરોકત રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો દાવાવાળી મિલકત અંગે વાદીઓ તથા પ્રતિવાદીના પિતા મનજીભાઇ વચ્ચે કરાર થયેલાનું પ્રથમદર્શનિય રીતે જણાઇ આવે છે.તેમજ વાદીએ તેમના કબજા અંગે દાવાવાળી જમીનમાં બનાવેલ મકાનો,કુવો વિગેરે અંગેના ઉપરોકત ચર્ચા કર્યા મુજબના પુરાવા રજુ કરેલ છે જે દાવાવાળી મિલકત ઉપર પ્રથમદર્શનિય રીતે વાદીઓનો કબજો હોવાનું દર્શાવે છે.

પ્રતિવાદીએ તેમની આંક—૧૭ ની અરજીમાં દાવાવાળી મિલકતમાંથી પાક કાપવાની પરવાનગી માંગેલ છે.પરંતુ દાવાવાળી મિલકત ઉપર પ્રતિવાદીનો પ્રથમદર્શનિય રીતે કબજો જણાઇ આવતો નથી.તેમજ દાવાવાળી જમીન સિવાયની બીજી પ્રતિવાદીની જમીન અંગે વાદીને કોઇ તકરાર નથી તેવું વાદીએ તેમના જવાબમાં જણાવેલ છે.તેમજ કરાર સિવાયની બાકીની જમીન દાવાવાળી જમીન નથી.જેથી પ્રતિવાદીને આંક-૧૭ માં માંગ્યા મુજબની દાદ મળવાપાત્ર નથી તેમ મારું માનવું છે.

જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી પોતાનો પ્રથમદર્શનિય કેસ પુરવાર કરતા હોઇ મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.જો વાદીને માંગ્યા મુજબ મનાઇહુકમની દાદ આપવામાં આવે નહી તો પ્રતિવાદીઓ તેમની પાસેથી દાવાવાળી મિલકતનો કબજો લઇ લે તો વાદીએ પોતાનો કબજો ગુમાવવો પડે તેમજ જો પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત રેવન્યુ રેકર્ડના આધારે અન્ય કોઇને તબદીલ કરી દે અથવા તેમાં કોઇ હકક,હીત ઉત્પન્ન કરે તો વાદી દાવામાં સફળ થાય તો પણ કરારનો અમલ કરાવી શકે નહી તેમજ વાદીને અન્ય દાવાદુવીમાં ઉતરવું પડે.જેથી વાદીને અગવડ પડે તેમ છે તેમજ નાણાંથી ભરપાઇ ન થાય તેવું નુકશાન વાદીને થાય તેમ છે.જેની સામે જયારે વાદી કરાર તથા કબજો પ્રથમદર્શનિય રીતે પુરવાર કરતા હોઇ જો વાદીને માંગ્યા મુજબ દાદ આપવામાં આવે તો તેનાથી પ્રતિવાદીને કોઇ અગવડ પડે તેમ નથી તેમજ નાણાંથી ભરપાઇ ન થાય તેવું નુકશાન પ્રતિવાદીને થાય તેમ નથી.જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં તથા

મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૦) ઉપરોકત મુદ્દા નં.૧ થી ૪ ની ચર્ચાના અનુસંધાને મુદ્દા નં.૫ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**વાદીની મનાઇઅરજી મંજુર કરવામાં આવે છે.પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે છે કે તેમણે વાદીને દાવાવાળી મિલકતનો ઉપયોગ ઉપભોગ કરતાં અટકાયત,અવરોધ કરવો કરાવવો નહી.કબજો લેવો લેવડાવવો નહી કે દાવાવાળી મિલકતમાં અન્ય કોઇનો હકક ઉભો કરવો નહી કે વેચાણ તબદીલ કરવી કરાવવી નહી.**

**પ્રતિવાદીની આંક-૧૭ ની અરજી નામંજુર કરવામાં આવે છે.**

**સદર હુકમ દાવાના આખરી નીકાલ સુધી અમલમાં રહેશે.ખર્ચ અંગે દાવાના આખરી નીકાલ વખતે નકકી કરવાનું રહેશે.**

**સદર હુકમ આજરોજ તા.૨૮મી માર્ચ ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.**

**તા.૨૮-૦૩-૨૦૧૬**

**(અબુબકરસિદ્ધીક યુ.જુજારા )**
**એડીશ્નલ સિનિયર સિવિલ જજ,**
**ઉના.યુઆઇડીનં.જીજે-૦૦૬૨૬**